## માહિતીનો સ્ત્રોત (Source of Information) :

ઉપરોક્ત ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓની સાથે સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જિલ્લામાં ખેતીના વ્યવસાયની આર્થિક સદ્ધરતા માટે જાહેર, ખાનગી અને સ્વૈચ્છિક ક્ષેત્રને મદદરૂપ થવા માટે કૃષિ ટેક્નોલોજીની માહિતીના સ્ત્રોત તરીકે કાર્ય કરે છે. આ અંતર્ગત વિવિધ સ્વૈચ્છિક અને સરકારી સંસ્થા અને વિભાગો દ્વારા યોજવામાં આવતા કૃષિ કાર્યક્રમો અથવા તો યોજનાઓમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞો દ્વારા સક્રીય ભાગીદારી કરી વિષયને અનુરૂપ માહિતી આપવામાં આવે છે.

## વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ :

ઉપરોક્ત ઉદ્દેશોને સિધ્ધ કરવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી વિષયક મોજણી કરી તેને આધારે ખડૂતો, ગ્રામિણ મહિલાઓ તથા યુવાનોના જૂથ બનાવીને અગ્ર હરોળ નિદર્શન, ખેત અખતરા, તાલીમ ઉપરાંત ખેડૂત પરિસંવાદ, ખેડૂત શિબિર, ખેત પરિક્ષણ મુલાકાત, પશુ ચિકિત્સા શિબિર, ખેડૂત ઉપયોગી સાહિત્ય બનાવવું, પદ્ધતિ નિદર્શન, મોબાઈલ મેસેજ દ્વારા માહિતી પ્રસાર, કિસાન ગોષ્ઠી, ખેડૂત પ્રવાસ, ખેડૂત મીટીંગ અને ઓડિયો કોન્ફરન્સ વગેરે જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.

તદ્ઉપરાંત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૃષિ મેળા, સ્વચ્છતા પખવાડિયું, ન્યુ ઈન્ડીયા મંથનઃ સંકલ્પ થી સિદ્ધી, સ્વચ્છતા હી સેવા, સ્વચ્છતા જાગૃતિ અભિયાન, મહિલા કિસાન દિવસ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ, વિશ્વ જમીન સ્વાસ્થ્ય દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ, કૃષિ પ્રદર્શન, ગાજર ઘાસ જાગૃતિ અભિયાન તથા કૃષિ તક્નીકી સપ્તાહ જેવા વિશિષ્ટ જાગૃતિ કાર્યક્રમો પણ ઉજવવામાં આવે છે.

## આર્યા પ્રોજેક્ટ :

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ''આર્યા'' પ્રોજેક્ટ અંતર્ગત ગામડાના યુવાનોને ગામડું છોડી અટકાવવા માટે વિવિધ કૃષિલક્ષી લઘુ ઉદ્યોગ સ્થાપવામાં મદદ કરવામાં આવે છે, જે અંતર્ગત આ પ્રોજેક્ટમાં પસંદગી પામેલ લઘુ ઉદ્યોગ સ્થાપીત કરવા ઈચ્છુક યુવાનોના જુથને તાલીમબધ્ધ કરી અને પ્રોજેક્ટની જોગવાઈ અનુસાર આર્થિક અને તાંત્રીક મદદ કરવામાં આવે છે.

હાલમાં આ પ્રોજેક્ટની મદદથી જીલ્લામાં એક વર્મીકમ્પોસ્ટ યુનીટ, ત્રણ નર્સરી યુનીટ, એક મીની ઓઈલ મીલ, બે મરચું દળવાના યુનીટ, બે હળદર દળવાના યુનીટ સ્થાપીત કરવામાં સફળતા મેળવેલ છે.



## વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ :













## ખેડૂતો તાલીમાર્થી માટે ઉપયોગી નિદર્શન એકમો :

મુલાકાતી ખેડૂતો કેન્દ્ર ઉપર આવી જે-તે વિષયની માહિતી મેળવી શકે તે માટે વિસ્તારને અનુરૂપ વિવિધ નિદર્શન એકમો પણ તૈયાર કરવામાં આવેલ છે.

ચાફ કટર



બાયોગેસ પ્લાન્ટ



વર્મીકમ્પોસ્ટ એકમ



સાયલેજ એકમ



પ્લગ નર્સરી એકમ



અઝોલા એકમ



ઉર્જા પાર્ક



કૃષિ યાંત્રીકરણ એકમ



વરસાદી પાણીના સંગ્રહનું એકમ



સુક્ષ્મ પિયત પદ્ધતિ એકમ



પાક કૌતુકાલય



નાડેપ કમ્પોસ્ટીંગ એકમ



પોષણ ઉદ્યાન



પ્રદર્શન ખંડ





જમીન ચકાસણી પ્રયોગશાળા

# ખેડૂતોની દિવાદાંડી
# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર






## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

મુ.પો. સણોસરા, તા. શિહોર,
જી. ભાવનગર - ૩૬૪૨૩૦
Email : kvkbhavanagar@gmail.com


## સંસ્થાનો પરિચય :

ભાવનગર જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની યજમાન સંસ્થા લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના વર્ષ ૧૯૫૩માં ઋષિવર્ય કેળવણીકાર સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. સંપૂર્ણ ગાંધી વિચારોને સમર્પિત, નઇ તાલીમની ગ્રામાભિમુખ કેળવણીથી ગ્રામ ઉચ્ચશિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ અને ચારિત્ર્ય ઘડતર થકી સ્થાયી સામાજીક વિકાસ સાધવાના મુખ્ય ઉદ્દેશ સાથે સ્થપાયેલ આ સંસ્થા શિક્ષણની સાથે સાથે સમાજોપયોગી કાર્યોમાં વર્ષોથી પ્રેરણારૂપ બની રહી છે. શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે નોંધપાત્ર અને માર્ગદર્શક કાર્યો દ્વારા વૈશ્વિક ઓળખ મેળવનાર લોકભારતી સંસ્થા આપણાં ભારત દેશની સંસ્કૃતિના પાયાના વિષયો ખેતી-ગોપાલન અને કુદરતી સંસાધનોના જતન અને સંવર્ધન માટે વર્ષોથી કાર્યરત છે. તદ્ઉપરાંત પૂર, ધરતીકંપ અને દુષ્કાળ જેવી આકસ્મિક કુદરતી હોનારતોના સમયમાં અસરગ્રસ્ત લોકોની સેવા દ્વારા સંસ્થાએ ગૌરવપૂર્ણ લોકચાહના મેળવી છે. આજે સંસ્થામાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે અનેક વિભાગો કાર્યરત છે, તે પૈકી ''કૃષિ વિજ્ઞાન કેન્દ્ર''કૃષિ વિસ્તરણ ક્ષેત્રે ભાવનગર જીલ્લાનાં ખેડૂતો માટે કાર્યરત એકમ છે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર :



આપણે જાણીએ છીએ તેમ આપણો ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે તથા દેશની મોટાભાગની વસ્તી ગામડાઓમાં વસે છે. વધુમાં, દેશ તથા ગ્રામ્ય વિસ્તારોના અર્થતંત્રનો મૂળ પાયો ખેતી તથા તેને આધારિત ઉદ્યોગો છે. આઝાદી પછીના વર્ષોમાં અન્ન તથા અન્ય પાયાની જરૂરિયાતોમાં સ્વાવલંબન સાધવા તથા દેશની ખેતી અને તેના દ્વારા ખેડૂતો અને ગામડાઓની આર્થિક સધ્ધરતા જાળવવા દેશના કૃષિ સંશોધન કેન્દ્રો દ્વારા અનેક નવી તકનીકોની શોધ થઈ. પરંતુ, ભલામણ થયેલ આ તકનીકો સાચા અર્થમાં ખેડૂતો સુધી પહોંચે તથા ખેડૂતો તે તકનીકો જાણી અને શીખીને કુશળતાપૂર્વક તેનો ઉપયોગ કરે તો જ આ તકનીકોનો સાચો હેતુ સાર્થક થાય. આ મૂળભુત હેતુને સિદ્ધ કરવા માટે દેશમાં કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓનું વ્યવસ્થાપન સંભાળતી સરકારશ્રીની ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દીલ્હી દ્વારા વર્ષ ૧૯૭૪ માં પોંડીચેરી ખાતે દેશના પ્રથમ ''કૃષિ વિજ્ઞાન કેન્દ્ર'' ની સ્થાપના કરવામાં આવી. આજે દેશના તમામ રાજ્યોના મોટા ભાગના જિલ્લાઓમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેતી, પશુપાલન તથા ગ્રામીણ પ્રજાજનોના આર્થિક તથા સામાજિક વિકાસ માટે પ્રયત્નશીલ છે. આપણા ભાવનગર જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ હસ્તક વર્ષ ૨૦૧૦-૧૧ થી સણોસરા ગામે કાર્યરત છે, જે કેન્દ્ર સરકાર દ્વારા કાર્યરત જિલ્લાનું અગ્રીમ કૃષિ વિસ્તરણ એકમ છે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્રના મુખ્ય ઉદ્દેશો/પ્રવૃતિઓ :

### અગ્ર હરોળ નિદર્શન (Front Line Demonstration)



વિસ્તરણ શાખાના સિધ્ધાંત " Seeing is believing " (જોઈને સ્વીકારવું) અનુસાર અગ્રહરોળ નિદર્શન (FLD) અંતર્ગત કૃષિ સંશોધન કેન્દ્રો દ્વારા ભલામણ થયેલ નવીનત્તમ તજજ્ઞતા અથવા તકનીકનું ખેડૂતોના ખેતર પર નિદર્શન આપવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ ખેડૂતોને નવી ભલામણોથી માહિતગાર કરવાનો તથા તેના પરિણામો વિષે ખેડૂતોના અભિપ્રાય મેળવવાનો છે. અગ્રહરોળ નિદર્શન દરમ્યાન પાકના ઉગાવાના યોગ્ય તબક્કે નિદર્શન પ્લોટ પર ક્ષેત્ર દિવસનું આયોજન કરી જીજ્ઞાસુ ખેડૂત મિત્રોને એકત્ર કરી નિદર્શીત તકનીક વિષે માહિતગાર કરી તેઓના પણ અભિપ્રાય મેળવવામાં આવે છે.

| વર્ષ | વિસ્તાર (હે) | ખેડૂતો/ખેત મહિલાઓ | અગ્રહરોળ નિદર્શનો |
|---|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૧૧૫ | ૩૨૦ | ધાન્ય પાકો : ઘઉં, જુવાર, બાજરી<br>મસાલા પાકો : જીરૂ, તેલિબીયા પાકો : તલ, મગફળી, એરંડા, રાઈ, ગુવાર ગમ<br>કઠોળ પાકો : તુવેર, મગ, ચણા<br>શાકભાજી પાકો : મરચી, ટમેટી, રીંગણ, ડુંગળી. રોકડિયા પાકો : કપાસ<br>ફળ પાકો : લીંબુ, જામફળ<br>કૃષિયંત્રો : વ્હીલ હો (કરબડી), ભીંડી પ્લકર, ચાફ કટર, જમીનનું ભેજ માપક યંત્ર, માનવ સંચાલિત વાવણીઓ, શાકભાજી-કપાસ વિણવાની બેગ<br>પશુપાલન : મીનરલ મિક્ષર, બાયપાસ-ફેટ સપ્લીમેન્ટ, ન્યુટ્રીઅન્ટ સપ્લીમેન્ટ, પ્રોટીન સપ્લીમેન્ટ, પ્રોબાયોટીક |
| ૨૦૧૭-૧૮ | ૧૩૩ | ૪૬૭ | |
| ૨૦૧૮-૧૯ | ૧૧૩ | ૪૨૫ | |
| ૨૦૧૯-૨૦ | ૮૦ | ૪૨૭ | |
| ૨૦૨૦-૨૧ | ૧૧૫ | ૪૬૭ | |
| ૨૦૨૧-૨૨ | ૬૦ | ૪૧૫ | |
| ૨૦૨૨-૨૩ | ૭૩ | ૫૪૩ | |
| ૨૦૨૩-૨૪ | ૭૦ | ૪૪૬ | |

## ખેત અખતરા (On Farm Testing) :



આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ખેડૂતો દ્વારા અપનાવતી પદ્ધતિઓ, ખેડૂતોએ પોતાની કોઠાસુઝથી વિકસાવેલ પદ્ધતિઓ તથા સ્થાનિક વિસ્તારની સમીક્ષા અને ખેડૂતો સાથે ચર્ચા કરી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞો દ્વારા નક્કી કરેલ પદ્ધતિઓને વિવિધ કૃષિ સંશોધન કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ ભલામણોની સરખામણીમાં ચકાસવામાં આવે છે. અખતરાતે અંતે પ્રાપ્ત થતા પરિણામોનું વિશ્લેષણ કૃષિ યુનિવર્સીટી તથા સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક સમક્ષ રજૂ કરી જરૂરીયાત જણાય તો વિસ્તાર આધારિત સુધારા સુચવાય છે.

આમ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કૃષિ વિસ્તરણ પ્રવૃત્તિઓની સાથે સાથે કૃષિ સંશોધનનું પણ કાર્ય કરે છે.

| વર્ષ | વિષય |
|---|---|
| ૨૦૧૬-૧૭ | પશુ પોષણ વ્યવસ્થાપન, પશુ રોગ વ્યવસ્થાપન, ફળ પાકોમાં રોગ વ્યવસ્થાપન |
| ૨૦૧૭-૧૮ | પશુ પોષણ વ્યવસ્થાપન, પશુ રોગ વ્યવસ્થાપન, ફળ પાોકમાં રોગ વ્યવસ્થાપન |
| ૨૦૧૮-૧૯ | સંકલિત પાક પોષણ વ્યવસ્થાપન, કુદરતી સંસધાનોની જાળવણી, પશુ પોષણ વ્યવસ્થાપન અને પશુ રોગ વ્યવસ્થાપન |
| ૨૦૧૯-૨૦ | ડુંગળીની વેરાયટીની ચકાસણી, ઘઉંમાં પીયત વ્યવસ્થાપન, ઘઉંમાં લિફ કલર ચાર્ટ દ્વારા પોષણ વ્યવસ્થાપન,સરઘવો ઉતારવા માટે પીકરની ચકાસણી, ચણામાં પોષણ વ્યવસ્થાન |
| ૨૦૨૦-૨૧ | પશુપાલનમાં અઝોલાની અસરો, ડુંગળીની વિવિધ જાતોની ચકાસણી, ઘઉંમાં પીયત વ્યવસ્થાપન, ખારી જમીન માટેની ઘઉંની જાતોનું પરીક્ષણ, ચણામાં પાક પોષણ વ્યવસ્થાપન, આંબળામાંથી કેન્ડી બનાવવી. |
| ૨૦૨૧-૨૨ | પશુરોગ વ્યવસ્થાપન, હળદરની સુકવણીની પધ્ધતીઓનું પરીક્ષણ |
| ૨૦૨૨-૨૩ | પશુ ચારાની સરખામણી, દુધમાંથી પનીર બનાવવાની વિવિધ પધ્ધતિઓની ચકાસણી |
| ૨૦૨૩-૨૪ | દુધમાંથી પનીર બનાવવાની વિવિધપધ્ધતિઓની ચકાસણી |

## તાલીમ (Training) :



કોઈપણ વ્યવસાયની સફળતાનો આધાર તેમાં સંકળાયેલ વ્યક્તિના તાલીમબદ્ધ કૌશલ્ય અને જ્ઞાન પર આધાર રાખે છે. આથી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લાના ખેડૂતો, પશુપાલકો, ગ્રામીણ મહિલાઓ તથા ગ્રામ્ય યુવાનોને ખેતીના વિવિધ વિષયો પર તેઓની જરૂરિયાત મુજબની તાલીમ આપવામાં આવે છે. તાલીમનો મુખ્ય હેતુ તાલીમાર્થીઓની જે તે વિષયની જાણકારી અને જ્ઞાનમાં વધારો કરવાનો તથા તે અંગેનું કૌશલ્ય વધારવાનો છે. આવી તાલીમો કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ઉપર અથવા આ જે-તે ગામમાં ગોઠવવામાં આવે છે. ઉપરાંત ખેતી-પુશપાલન ક્ષેત્રે કાર્યરત જિલ્લાની વિવિધ સંસ્થાઓના વિસ્તરણ કાર્યકરોને પણ ખેતીની આધુનિક તજજ્ઞતાઓ અંગેની તાલીમ આપવામાં આવે છે.

| વર્ષ | કુલ તાલીમ | તાલીમાર્થી | | |
|---|---|---|---|---|
| | | પુરૂષ | મહિલા | કુલ |
| ૨૦૧૬-૧૭ | ૬૪ | ૧૭૮૫ | ૮૬૧ | ૨૬૪૬ |
| ૨૦૧૭-૧૮ | ૪૯ | ૧૩૪૩ | ૬૪૦ | ૧૯૮૩ |
| ૨૦૧૮-૧૯ | ૫૧ | ૧૩૪૯ | ૫૯૧ | ૧૯૪૦ |
| ૨૦૧૯-૨૦ | ૯૨ | ૩૦૦૮ | ૧૦૬૬ | ૪૦૭૪ |
| ૨૦૨૦-૨૧ | ૬૫ | ૧૩૦૨ | ૬૯૯ | ૨૦૦૧ |
| ૨૦૨૧-૨૨ | ૭૮ | ૧૬૧૪ | ૧૦૫૪ | ૨૬૬૮ |
| ૨૦૨૨-૨૩ | ૮૩ | ૧૮૯૭ | ૧૧૩૭ | ૩૦૩૪ |
| ૨૦૨૩-૨૪ | ૭૮ | ૧૭૫૦ | ૯૮૯ | ૨૭૩૯ |

### તાલીમ અંતર્ગત આવરી લીધેલ વિષયો :

| વિષય | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પાક ઉત્પાદન | ૧૩ | ૧૨ | ૧૦ | ૧૯ | ૧૭ | ૨૫ | ૨ | ૯ | ૧૦૭ |
| બાગાયત | ૧૧ | ૩ | ૨ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૧૯ |
| જમીન સ્વાસ્થ્ય અને ફળદ્રુપતા વ્યવસ્થાપન | ૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| પશુપાલન | ૯ | ૬ | ૩ | ૧૧ | ૫ | ૪ | ૯ | ૬ | ૫૩ |
| ગૃહવિજ્ઞાન/મહિલા સશક્તિકરણ | ૮ | ૬ | ૬ | ૧૦ | ૬ | ૧૫ | ૧૨ | ૧૨ | ૭૫ |
| કૃષિ ઈજનેરી | ૪ | ૫ | ૩ | ૧૪ | ૫ | ૮ | ૭ | ૭ | ૫૩ |
| કૃષિ વિસ્તરણ | ૦ | ૧ | ૪ | ૧૩ | ૯ | ૯ | ૧૨ | ૪ | ૫૨ |
| પાક સંરક્ષણ | ૬ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૧૧ | ૦ | ૨૩ |
| ગ્રામીણ યુવાનોની તાલીમ | ૯ | ૪ | ૯ | ૧૩ | ૧૮ | ૧૧ | ૧૭ | ૧૩ | ૯૪ |
| વિસ્તરણ કાર્યકરો | ૪ | ૯ | ૧૦ | ૮ | ૫ | ૪ | ૧૩ | ૨૭ | ૮૦ |
| કુલ | ૬૪ | ૪૯ | ૫૧ | ૯૨ | ૬૫ | ૭૮ | ૮૩ | ૭૮ | ૫૬૦ |